**<u>પાટણના મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.પાટણ.</u>**

**ફોજદારી કેસ નં.૩૮૦૫/૨૦૨૫**
**આંક–૦૯**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી:–** **ઠાકોર સુરેશજી શંભુજી,**
ઉ.વ.આ.૩૫,
રહે.કતપુર,તા.જી.પાટણ.

**ગુનો :–** **ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ –૬૫ એ.એ. મુજબ**

## –:: ઠરાવ ::–

(૧) ફરીયાદપક્ષનો કેસ એવો છે કે, આરોપીએ **તા.૨૫/૦૮/૨૦૨૫** ના રોજ પાટણ મુકામે પોતાના કબજા ભોગવટામાં ગે.કા. દેશી દારૂ રાખી, ધી ગુજરાત ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોઈ તે અંગેનુ ચાર્જશીટ પોલીસે અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપ્યા બાદ આરોપી તેઓની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોય તે અંગેની લેખિત કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેથી આરોપી ઉપર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ–૨૬૩ હેઠળ તહોમતનામુ ફરમાવી આરોપીની પ્લી રેકર્ડ કરતા, આરોપીએ સ્વૈચ્છીક રીતે અને રાજીખુશીથી ગુનાની કબુલાત કરી રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ

માણસ છે અને તેઓના ઉપર તેમના પરિવારની જવાબદારી રહેલ છે જેથી જો તેમને કાયદામાં જણાવેલ મહત્તમ રાજા કરવામાં આવશે તો તેનાથી તેમના પરિવારને અસર થશે. તેમની આ પ્રથમ ભુલ છે તેમજ હવે પછી આવી ભુલ નહી કરવાની ખાત્રી આપી તેમને ઓછામાં ઓછી સજા કરવા રજૂઆત કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોઈ, કબુલાત પુરસીસ રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે.

(૩) આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબના ગુનાનુ તહોમત છે. તેમજ સદર ગુનાની જોગવાઈ જોતા તેમાં અમુક સમયથી ઓછી નહી તેટલી સજા ફરમાવવાની કોઈ જોગવાઈ કરવામાં આવેલ ન હોય તે ધ્યાને લેતા તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો તેમજ આરોપીની રજૂઆતો ધ્યાને લેતાં આરોપી ગરીબ અને મધ્યમ વર્ગના માણસ જણાય છે, તેમજ કુટુંબમાં એકમાત્ર કમાવનાર સભ્ય છે અને તેમના ઉપર તેમના પરિવારની જવાબદારી છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી તેમજ ગુનો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે તેમજ આરોપીની રજૂઆત મુજબ તેઓનો આ પ્રથમ ગુનો છે. જેથી જો આરોપીને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવામાં આવશે તો તેનાથી તેના પરિવાર ઉપર અસર થાય તેમ છે, તે સંજોગોમાં તેમને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવાના બદલે નીચે મુજબ સજા કરવાનુ ન્યાયી અને ઉચિત માનુ છુ અને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**<u>–:: હુકમ ::–</u>**

આ કામના આરોપીને **ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ–૨૬૪** અન્વયે તેની સામેના ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, **રૂ.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા)** નો દંડ અને જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન–૦૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ, **તા.૧૪મી,** માહે : **માર્ચ,** સને : **૨૦૨૬** ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : પાટણ
તારીખ : ૧૪/૦૩/૨૦૨૬

**(નૌશાદ વી.પઠાણ)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાટણ
(**GJ**–01413)

**( S.I.PRAJAPATI )**